# બનાસકાંઠાના ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાનો આતંક : વધુ ૧૪ કેસ

## અમદાવાદ સહિતના શહેરોમાંથી આવેલા લોકોથી સંક્રમણ વધ્યું : જિલ્લામાં કુલ આંક ૬૫

પાલનપુર

રેડ જોનમાં મુકાયેલા બનાસકાંઠા જિલ્લામાં હવે ગ્રામીણ વિસ્તારોમાં કોરોના વાયરસનો વિસ્ફોટ થઈ રહ્યો છે. જ્યાં અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાંથી ચેપ લઈને આવેલા લોકો સંક્રમણ વધારી રહ્યા છે. પરિણામે બુધવારે પાલનપુર તાલુકાના સામઢી ગામે ૩, કાંકરેજ તાલુકામાં ૬, ધાનેરા તાલુકામાં ૨, દિયોદર તાલુકામાં ૨ અને દાંતીવાડા તાલુકામાં ૧ મળી કુલ ૧૪ નવા પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે. જિલ્લામાં કુલ આંક ૬૫ થયો છે.

વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનું સંક્રમણ બનાસકાંઠા જિલ્લામાં પણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં શરૂઆતમાં પાલનપુર અને વાવ વિસ્તારમાં પોઝિટિવ કેસ આવ્યા બાદ હવે જિલ્લાના અન્ય ગ્રામીણ વિસ્તારોમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે. જ્યાં અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાંથી ચેપ લઈને આવેલા લોકો સંક્રમણ વધારી રહ્યા છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં પાલનપુર તાલુકાના સામઢી ગામે ૩, કાંકરેજ તાલુકા ઉંબરીમાં ૧, માનપુરા (શિહોરી) ૧, રાનેર ૧, વડા ૨, અને ઈન્દ્રમના ગામે ૧ કેસ, ધાનેરા શહેર માં ૧, ડુગડોલમાં ૧ કેસ, દિયોદરના સોની ગામે ૧, સુરાણા ગામે ૧, દાંતીવાડાના ડાંગીયા ગામે ૧ મળી કુલ ૧૪ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધતાં હવે બહારથી આવતાં લોકો સામે કડક કાર્યવાહી કરી તમામનું સ્ક્રેનિગ તેમજ હોમ કોરેન્ટાઈન કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે. આ કાર્યવાહી કરવા માટે અધિકારીની ટીમ બનાવવામાં આવશે. દરમિયાન પોઝિટિવ લોકોના ગામમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ત્વરિત સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી હોમ કોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડીસામાં મંગળવારે સાંજે આવેલા એક પોઝિટિવ કેસ સાથે બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૪ કોરોના પોઝિટિવ કેસ આવતાં કુલ સંખ્યા ૬૫ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં એક મોત નોંધાયું છે.




### દિયોદર આરોગ્ય તંત્રમાં દોડધામ

દિયોદર ગ્રામીણ વિસ્તારમાં બે કેસ પોઝીટીવ નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. અને આરોગ્ય કર્મીઓમાં દોડધામ મચી જવા પામી છે. દિયોદર આરોગ્ય વિભાગ દ્વારા મંગળવારે દિયોદરના ૧૦ લોકો જે બહારથી આવ્યા છે તેમના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં એક સોની ગામ અને એક સુરાણા ગામ ના વ્યક્તિનો રિપોર્ટ પોઝીટીવ આવતા આરોગ્ય તંત્ર માં ભારે દોડધામ મચી જવા પામી છે. રોગ થી બચવા આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતી માટે અપીલ કરવામાં આવી રહી છે.

### ડીસામાં પોઝિટિવનો આંકડો ૬ પર પહોંચ્યો

ડીસાના સોનીબજારમાં રહેતા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ બીજા દિવસે તેના પરિવારના બે સભ્યોના પોઝિટિવ કેસ આવ્યા હતા અને તે બાદ મંગળવારે વધુ એક વ્યક્તિ પોઝિટિવ આવ્યો હતો. આમ આ પરિવારના ચાર અને આસેડા ગામે બે એમ કુલ ડીસા વિસ્તારમાં ૬ કેશ નોંધાયા છે.

## કાંકરેજ તાલુકો વહીવટીતંત્રની બેદરકારીનો ભોગ બન્યો

કાંકરેજ તાલુકામાં એક સાથે છ કેસ બહાર આવતા તંત્ર દોડતું થઈ ગયું છે. કાંકરેજ તાલુકાના પાડોશી જિલ્લા પાટણના દેલિયાથરા ગામમાં અગાઉ પણ એક કેસ નોંધાઈ ચુક્યો હતો. જે તાલુકાના સરહદી ગામ છે. ત્યાર બાદ પણ તાલુકાના વહિવટી તંત્ર અને મામલતદાર દ્વારા કોઈ જાતના નક્કર પગલાં લેવામાં ના આવતા આજે કાંકરેજ તાલુકો પણ કોરોના યુક્ત બની ગયો છે. કાંકરેજ તાલુકા માં થી ઘણા બધા ગામોમાંથી લોકો ધંધાર્થે અમદાવાદ જેવી સીટીમાં વસવાટ કરતા લોકો વતન તરફ પ્રયાણ કરવા લાગ્યા હતા. પણ કાંકરેજના વહીવટી તંત્ર દ્વારા આવા લોકોને જિલ્લામાં પ્રવેશવા પર પ્રતિબંધ જેવા કોઈ નિયમો જાણે લાગુ પડતા જ ના હોય એમ ખુલ્લી છૂટ આપેલ હોય એવું પ્રતિત થતું.

કાંકરેજમાં રોજ ના ૫૦ થી ૬૦ લોકો અલગ અલગ જિલ્લા માંથી પ્રવેશ કરતા પણ તંત્ર દ્વારા ના આ લોકો ને રોકવા માં આવતા કે ના આવા લોકોને હોમ કોરોન્ટાઈલ કરી વિષેશ તકેદારી રખાતી. આવા બહાર થી આવેલ લોકો ના ઘર પર એકાદ વિઝીટ કરી તંત્ર સંતોષ માની હાશકારો અનુભવી લેતું. જેના કારણે આજે તાલુકા માં એક સાથે ૬ કેસ પોઝિટિવ આવતા તાલુકા ની પ્રજા માં ભય વ્યાપી જવા પામ્યો હતો. તાલુકા મથકમાં વિવિધ ચેક પોસ્ટ પર પોલીસ તૈનાત કરવામાં આવી હતી. અને શિહોરી પોલીસ સ્ટેશન પી.એસ.આઈ એલ.જે.વાળા દ્વારા અને થરા પોલીસ દ્વારા તકેદારીના ભાગ રૂપે જે લોકો બહારના જિલ્લા માંથી આવતા એ લોકોની માહિતી પણ વહીવટી તંત્રને આપવામાં આવતી હતી. છતાં પણ વહીવટી તંત્ર દ્વારા આવા લોકોને હોમ કોરોન્ટાઈલ કરી કોઈ ખાસ ધ્યાન રાખવામાં આવતું નહિ જેનો ભોગ આજે તાલુકો બન્યો એવો લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## મહેસાણામાં વધુ એક પોઝીટીવ કેસ

### મહેસાણા જિલ્લામાં આજદિન સુધી કોવિડ-૧૯ના ૪૨ કેસ નોંધાયા જે પૈકી ૮ લોકો કોરોના મુક્ત

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ રોગ અટકાયતી કામગીરીના ભાગરૂપે ફિલ્ડમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જિલ્લા આરોગ્ય કચેરી દ્વારા મળેલ માહિતી મુજબ કડી તાલુકાના ૧ વ્યક્તિ કે જેઓ ડાયલીસીસ સેવાઓ મેળવતા હતા. તેઓને વધુ સારવારની જરૂરીયાત હોઈ કીડની ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા. તેઓની સારવાર દરમિયાન શંકાસ્પદ લક્ષણ જોતાં તેમનો કોવિડ-૧૯નો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જે ૬ મે ૨૦૨૦ને બુધવારે પોઝીટીવ જાહેર થયેલ છે. જોકે હાલ તેઓ સારવાર હેઠળ છે. ૫ મે ૨૦૨૦ના રોજ એક વ્યક્તિનું સેમ્પલ સાંઈક્રિષ્ણા હોસ્પિટલ મહેસાણા ખાતેથી લેવાયુ હતુ જેનું પરીણામ નેગેટીવ આવેલ છે. રોગ અટકાયતીની કામગીરી પરત્વે ઉપરોક્ત તમામ સ્થાનિક વિસ્તારને સંબંધિત મામલતદાર અને ઈન્સીડન્ટ કમાન્ડર દ્વારા જાહેરનામુ બહાર પાડી કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમ જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## પાલનપુર તાલુકા આરોગ્ય વિભાગના RBSKના વાહનચાલકોની હડતાલ

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના કહેર વચ્ચે પાલનપુર તાલુકા બ્લોક હેલ્થ કચેરીના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય વિભાગના વાહન ચાલકો પોતાને વીમા કવચ સહિતની માંગણીઓને લઈ બુધવારે હડતાલ ઉપર ઉતરી ગયા હતા. જ્યાં સુધી માંગણી પુરી નહિ થાય ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે તેવી તેમણે ચિમકી પણ ઉચ્ચારી હતી.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. કોરોનાને મ્હાત કરવા માટે આરોગ્ય, પોલીસ સફાઈ સહિતના કર્મચારીઓ જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે. આવી સ્થિતિમાં પાલનપુર તાલુકા બ્લોક હેલ્થ કચેરીના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય વિભાગના વાહન ચાલકો પોતાને વીમા કવચ સહિતની માંગણીઓને લઈ બુધવારે હડતાલ ઉપર ઉતરી ગયા હતા. જ્યાં સુધી માંગણી પુરી નહિ થાય ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે તેવી તેમણે ચિમકી પણ ઉચ્ચારી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કહેર વચ્ચે અમને શંકાસ્પદ દર્દીઓને લેવા માટે મોકલવામાં આવે છે. પરંતુ અમારા રક્ષણ માટે કોઈ પગલાં ભરાયા નથી. રખેને અમને પણ કોરોનાનો ચેપ લાગે તો અમારા પરિવારજનોનું શુ? ગુજરાન કેવી રીતે ચલાવી શકીએ માટે વીમા કવચ સહિતની સુરક્ષા આપવામાં આવે તેવી અમારી માંગણી છે.



## ખેડબ્રહ્માની હરણાવ નદીમાં અસંખ્ય માછલીઓના મોત

મા અંબાના ધામ યાત્રાધામ ખેડબ્રહ્માની હરણાવ નદીમાં આજે અસંખ્ય માછલીઓના મોત નીપજતાં શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. સાબરકાંઠા જીલ્લાના એકમાત્ર યાત્રાધામ ખેડબ્રહ્માના ત્રિવેણી સંગમ સ્થાન હરણાવ નદીમાં આજે અસંખ્ય માછલીઓના મોત નીપજતાં શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. નદીમાં માછલીઓ મારવા પર સાબરકાંઠા જીલ્લા કલેક્ટરે પ્રતિબંધ મુકેલ છે છતાં દિવસભર લોકો માછીમારી કરે છે. આજે સવારે કોઈક સમયમાં કોઈ નરાધમે નદીમાં ઝેરી પ્રવાહી નાખીને અસંખ્ય માછલીઓને મોતને ઘાટ ઉતારતા લોકોના હૃદય દ્રવી ઉઠયા હતા. નગરપાલિકા ચીફ ઓફિસર ઘટનાસ્થળ પર તપાસ કરી પાણીની સફાઈ કામગીરી કરવા તાત્કાલિક આદેશ આપ્યા હતા.

## ગાંધીનગરથી કોરોના પોઝેટીવની જાહેરાત થાય, પરંતુ અરવલ્લી આરોગ્ય તંત્ર ગોથા ખાય

અરવલ્લી જીલ્લામાં કોરોનાના કેસમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાના ૨૧ કેસ નોંધાયા છે જેમા બે લોકોને કોરોના ભરખી ગયો છે. મંગળવારે આરોગ્ય સચિવ જયંતિ રવિએ પ્રેસ બ્રીફિંગમાં અરવલ્લી જીલ્લામાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા ૨૨ હોવાની દર્શાવતા જીલ્લાતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ૨૨ માં પોઝેટીવ દર્દી અંગે ખુદ અરવલ્લી આરોગ્યતંત્ર અજાણ હોવાનું જણાવતા આરોગ્ય સચિવે કરેલી જાહેરાતથી ગૂંચવાડો ઉભો થયો હતો. જિલ્લામાં કોરોનાનો વધુ એક દર્દી નોંધાયો હોવાની જાહેરાતથી લોકોમાં ફફડાટ ફેલાયો હતો અને વધુ એક કોરોના પોઝેટીવ દર્દી

### સરકારી વિભાગ વચ્ચે સંકલનનો અભાવ

અંગે જાણવા લોકોએ સોશ્યલ મીડિયામાં અને એકબીજાને ફોન કરી જાણવા ભારે મથામણ કરી હતી. આરોગ્યતંત્રના અધિકારી પાસે કોરોના પોઝેટીવ દર્દી અંગે કોઈ માહિતી ન હોવાનું જણાવ્યું હતું. સ્થાનિક અને ગાંધીનગરના તંત્રો વચ્ચે સંકલનના અભાવે અનેકવાર મૂંઝવણ ભરી સ્થિતિનું નિર્માણ થયું છે.

અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૨૧ કેસ પોઝેટીવ નોંધાયા છે જેમાંથી ૧૪ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહેતા રજા આપી દીધી છે. ૫ દર્દીઓ જીલ્લાની બે કોવિડ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે, જિલ્લામાં બે લોકોનું કોરોનાના પગલે મોત નીપજ્યું છે મંગળવારે સોમવારે કોરોના પોઝેટીવ આવેલા ૩૧ વર્ષીય યુવકે દમ તોડી દીધો છે.

મંગળવારે સાંજના આરોગ્ય સચિવ જયંતિ રવિએ કરેલ પ્રેસ બ્રીફિંગમાં અરવલ્લી જીલ્લામાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા ૨૨ હોવાની જાણકારી આપતા જીલ્લા પ્રશાસનતંત્ર સહીત આરોગ્ય વિભાગ અચરજમાં મુકાઈ ગયું છે. સોશ્યલ મીડિયામાં પણ જિલ્લામાં કોરોનાનો આંક ૨૨ પહોચ્યોં હોવાના મેસેજ વાયરલ થતા ચકચાર મચી હતી ૧ નવા કેસ અંગે સ્થાનિક પ્રશાસન પાસે ખરાઈ કરવાના પ્રયત્નો થયા હતા. જીલ્લા આરોગ્ય અધિકારીને પોઝેટીવ કેસ અંગે મેસેજ કરી જાણવા પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમને કઈ પણ કહેવાનું મુનાસીબ માન્યું ન હતું. સ્થાનિકતંત્રનાં ગાંધીનગર તંત્ર સાથે સંકલનના અભાવના કારણે આ ગૂંચવણ ઉભી થઈ હતી.

## અમદાવાદથી અરવલ્લીમાં લોકો હજુ પણ ખિસ્સામાં લઈ આવી રહ્યા છે કોરોના

અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ માં કોરોના વિસ્ફોટ થતા ૧૯ લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. જીલ્લામાં કોરોનાના ૧૯ પોઝીટીવ કેસ નોંધાયા છે જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. ૧૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. ૭ દર્દીઓ હજુ પણ કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કોરોનાગ્રસ્ત મોટા ભાગના દર્દીઓ અમદાવાદથી લોકડાઉન-૨ માં જિલ્લામાં પહોંચ્યા હોવાની અને ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. જિલ્લામાં લોકડાઉન-૨ નું પુનરાવર્તન ન થાય તે માટે જિલ્લા પોલીસતંત્ર સરહદો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવા છતાં હજુ પણ અનેક લોકો અંતરિયાળ માર્ગોનો ઉપયોગ કરી કોરોનાગ્રસ્ત હોટસ્પોટ વિસ્તારમાંથી કોરોના ખિસ્સામાં લઈ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે. અમદાવાદના સત્યાગ્રહ છાવણી ખાતે રહેતા પતિ-પત્ની ભિલોડાના કરણપુર ગામે પહોંચી જતા ભિલોડા પોલીસે પતિ-પત્ની સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોગ્યતંત્રએ પતિ-પત્નીને હોમકોરન્ટાઈન કર્યા હતા.




અમદાવાદના વિવિધ વિસ્તારોમાં કોરોનાના કેસ કૂદકે-ભૂસકે વધી રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડાના કરણપુર ગામના અને સત્યાગ્રહ છાવણી ખાતે રહેતા લાલાભાઈ બકાભાઈ કોટવાળ અને તેની પત્ની સંગીતાબેન લાલાભાઈ કોટવાળ ગત રાત્રીએ વતનમાં આવી પહોંચ્યા હોવાની જાણ ભિલોડા પોલીસને થતા પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટિમ તાબડતોડ કરણપુર ગામે પહોંચી પતિ-પત્ની વિરુદ્ધ જિલ્લા કલેક્ટરના જાહેરાનમાં ભંગ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અરવલ્લીના ખડોદા ગામે આરોગ્યની ૮ ટીમે ૨૦૭૬ લોકોનો સરવે કર્યો

અરવલ્લી મોડાસા તાલુકાના ખડોદા ગામમાં ૫૫ વર્ષીય પુરૂષને કોરોના પોઝિટિવ આવતાં અરવલ્લી જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રતં દ્વારા આ વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે, આસ પાસના વિસ્તારમાં આવતા લોકો અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ખડોદાના કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર અને ફિમેલ હેલ્થ અને આશા વર્કર મળી કુલ- ૮ ટીમ બનાવવામાં આવી છે, જે ગામના ૩૯૦ ઘરના ૨૦૭૬ થી વધુ લોકોના હાઉસ ટુ હાઉસ સર્વે કરાયો છે, જેમાં જેમાં ૧૦૭૩ પુરૂષ અને ૧૦૦૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. દર્દીના નજીકના સંપર્કમાં આવનાર ૩૩ લોકોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ વિસ્તારમાં ૨૮ દિવસ સુધી હાથ ધરવામાં આવનાર સરવે દરમ્યાન શરદી, ખાંસી, તાવ ધરાવતા લોકોને અલગથી તારવવામાં આવશે.

## લીલછા ગામમાં લૉકડાઉન દરમિયાન ધમધમતું સામુહિક રસોડું

ભિલોડા તાલુકાના લીલછા ગામમાં લૉકડાઉન દરમ્યાન રસોડું ધમધમ્યું હતું.કોરોના વાઈરસની મહામારી દરમ્યાન જરૂરીયાતમંદ પરીવારોના ઘરે-ઘરે જમવાનું પહોંચે તેવા આશયથી લીલછા ગામના યુવાનો,બહેનો ધ્વારા રોજે-રોજ ૩૦૦ માણસોની રસોઈ બનાવી વિધવા કે જેમનો કોઈ સહારો ન હોય તેવા લોકો,વિવિધ રાજ્યોના અટવાયેલા લોકોને ભોજન પીરસાયું હતું.લીલછા ગામના સેવાભાવી કાર્યકરો સહિત દાતાઓના સહયોગથી સામુહિક રસોડું ધમધમતું હતું.ભિલોડા પોલીસ સ્ટેશન,ભિલોડા મામલતદાર કચેરીમાં ચા-નાસ્તો પહોંચાડ્યો હતો.સવાર-સાંજ ભોજનમાં પુરી-શાક,દાળ મુઠીયા,ખીચડી,કઢી,ભાત,શાક,રોટલી જ્યાં જરૂર હોય ત્યાં અપાઈ હતી.

## ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા શાકભાજીનું વિતરણ

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા લૉકડાઉન દરમ્યાન જરૂરીયાતમંદ પરીવારોના ઘરે-ઘરે જ્યાં જરૂર હોય ત્યાં શાકભાજીનું વિતરણ કરાયુંહતું.કોરોના વાઈરસની મહામારીના કારણે ધંધો-રોજગાર ઠપ્પ થઈ ગયા હોઈ ત્યારે શ્રમજીવીઓની હાલત એકંદરે વિકટ જોવા મળી રહી છે ત્યારે જરૂરીયાતમંદ પરીવારોના ઘરે-ઘરે શાકભાજીની કીટ ૨ કીલો બટાકા, ૧ કિલો રીંગણ, ૩૦૦ ગ્રામ ટામેટાની કીટ બનાવી વિતરણ કરાયું હતું.

## પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ બજારમાં ડ્રાઈ કરવામાં આવી

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઇ એમ.ડી. ચંપાવત તથા મહિલા પીએસાઇ પી.ડી. ચૌધરી તથા પીએસાઇ બી.ડી. રાઠોડ દ્વારા પ્રાંતિજ બજારમાં ડ્રાઇ કરી વેપારીઓ તથા બજારમાં આવતા લોકોને જાગૃત કર્યા તો નો વ્હીકલ ઝોનમા પ્રવેશ કરેલ વાહન ચાલકો ઉપર કાયદેસરની કાર્યવાહી કરી હતી.

હાલ કોરોના જેવી મહામારી એ વિશ્વ સહિત ભારતભરમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે આ મહામારીથી બચવા સરકાર દ્વારા હાલ આ મહામારીને રોકવા માટે કોઇ ઉકેલ ના હોવાથી હાલ સરકાર દ્વારા લોકડાઉન ઉપર લોકડાઉન જાહેર કરે છે. લોકડાઉન વચ્ચે જીવનજરૂરી ચીજવસ્તુઓ મળી રહે તે માટે પ્રાંતિજ બજારમાં તંત્ર દ્વારા છુટછાટ આપવામાં આવી છે. બજાર વિસ્તારમાં વધુ ભીડભાડ ના થાય તે હેતુથી નાયબ કલેક્ટર સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ સોનલબા પઢેરીયા દ્વારા એક ખાસ મહત્વનો નિર્ણય બજાર વિસ્તારને નો વ્હીકલ ઝોન જાહેર કરવામાં આવ્યો છે અને તંત્ર દ્વારા અલગ પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આજે પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત તથા પ્રાંતિજ મહિલા પીએસાઇ પી.ડી. ચૌધરી તથા પ્રાંતિજ પીએસાઇ બી.ડી. રાઠોડ દ્વારા પ્રાંતિજ બજાર વિસ્તારમાં ડ્રાઇ કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવત દ્વારા બજારના વેપારીઓને માસ્ક પહેરવા તથા દુકાને આવતા ગ્રાહકોને પણ માસ્ક પહેરવા જણાવ્યું હતું. બજારમાં કોરોનાને લઈને સંક્રમણને અટકાવવા માટે બજારમાં આવતા જતા લોકોને સોશિયલ ડિન્સ્ટનનુ પણ લોકોને પાલન કરવા જણાવ્યું હતું. પ્રાંતિજ બજાર વિસ્તારને હાલ ભાખરીયા બસ સ્ટેશનથી વ્હોરવાડ બજાર વિસ્તાર સ્ટેટબેંક સુધીનો મુખ્ય માર્ગનો વ્હીકલ ઝોન જાહેર કર્યો હોવા છતાં ડ્રાઈ દરમ્યાન કેટલાક વાહનો ચાલકો વાહન લઈને બજારમાં આવતાં સામે મળતા તેવોની સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.



## પ્રાંતિજમાં કોર્પોરેટર દ્વારા ગરીબ અને જરૂરીયાત વિસ્તારમાં ડુંગળીનું વિતરણ કર્યું

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર દ્વારા વિવિધ વિસ્તારોમાં ડુંગળીનું વિતરણ કરવામાં આવ્યું.

હાલ કોરોનાની મહામારીને લઈને લોકોના ધંધા રોજગાર પણ અસ્તવ્યસ્ત થઇ ગયા છે ત્યારે રોજનું કમાઇને રોજનું ખાતા લોકો સહિત રીક્ષાચાલકો, ઈકો ચાલકો, લારી-ગલ્લાવાળાઓની હાલત પણ કફોડી બની છે ત્યારે કોરોનાના કહેર વચ્ચે પણ પ્રાંતિજ નગર પાલિકાના અપક્ષ કોર્પોરેટર નિખિલ ભાઈ પટેલ દ્વારા પોતાનાથી બનતી બધી જ સેવાઓ આપવામા આવી રહી છે અને ગરીબ જરૂરીયાત વિસ્તારમાં જઈને ડુંગળીનું વિતરણ કર્યું હતું.



## ખેડબ્રહ્મામાં કમોસમી માવઠાથી ખેડૂતોને ભારે નુકસાન

ખેડબ્રહ્મા શહેરમાં સોમવાર રાત્રે અચાનક વીજળીના કડાકા સાથે વરસાદ વરસવાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો. ખેડબ્રહ્મામાં સોમવાર રાત્રિના સમય વાતાવરણમાં પલટો આવ્યો હતો અને પવનના ફૂંકાવા લાગતા ગાજવીજ સાથે શરૂ થયેલ વરસાદ એક કલાકમા ૩ મી.મી પડયો હતો પવન અને વરસાદના કારણે ખેતરમાં ઉભા પાકમાં અને પશુચારો આડો પડી ગયો હતો. મહોબતસિંહ પરમાર અને રણજીતસિંહ પરમારના જણાવ્યા અનુસાર તેમના ખેતરમાં વાવેલ મકાઈમાંથી મોટાભાગની મકાઈ આડી પડી જવાથી ભારે નુકસાન આવ્યું છે જ્યારે હર્ષદભાઈ આર. પટેલના ખેતરમાં પશુઓ માટે ચારો વાવેલ હતો તે તમામ આડો પડી ગયો હતો જેથી ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આ સાથે વરસાદના કારણે તાલુકામા ૮ વીજપોલ અને ૧૦ જેટલા ઝાડ પડી જવાના પણ અહેવાલ નોંધાયા હતા.